# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૩ • ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૩ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

## શિશુવિહાર પ્રાંગણમાં ૭૪મા ગણતંત્રપર્વની ઉજવણી







શિશુવિહાર ક્રીડાંગણનાં તાલીમાર્થીઓએ ૭૪મા ગણતંત્રપર્વ પ્રસંગે તિરંગાને સલામી આપી હતી. શિશુવિહાર સંસ્થામા વર્ષ ૨૦૦૩થી યોજાતા દૃષ્ટિ ચકાસણી કાર્યક્રમો તેમજ વર્ષ ૨૦૧૧થી નિયમિત રીતે યોજાતા નેત્રયજ્ઞમાં સહયોગી દાતા શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં અધ્યક્ષશ્રી જતિનભાઈ શાહની શુભેચ્છા સાથે યોજાયેલ ૭૪માં ગણતંત્ર પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ દવેના વરદ હસ્તે ધ્વજારોહણ થયું. આ પ્રસંગે Sagar Stevedores Pvt. Ltd ના મેનેજરશ્રી શ્રેયસભાઈ ઠક્કર તથા અરવિંદભાઈ ઓઝાના વરદ હસ્તે ૭૯મા અનુભવવર્ગના પાંચ તાલીમાર્થીઓને પ્રત્યકને રૂ.૧૦૦૦/-ની સહાય તથા પ્રમાણપત્ર એનાયત થયાં હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો દ્વારા સીવણ તાલીમ વર્ગ તથા રાજ્યપાલ પુરસ્કૃત ૮ સ્કાઉટ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવામાં આવેલ. સવિશેષ ક્રીડાંગણનાં ૫૫ રમતવીરોને કબડ્ડી ગણવેશ આપી ભારતીય રમતો માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ.

**તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ**




❀ **પ્રકાશન સ્થળ** ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736









પ્રજાસત્તાક પર્વની સાંજે ક્રીડાંગણ વિદ્યાર્થીઓ માટે હળવી રમતો યોજવામાં આવેલ, જેમાં વિવિધ ૬ સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરનાર ૨૪ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, કંપાસ સેટ, વોટર બેગ અને નોટબૂક આપી પુરસ્કૃત કરવામાં આવેલ. શિશુવિહાર પ્રાંગણમાં ૭૪ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે યોજાતા ગણતંત્રપર્વનું સંકલનશ્રી હરેશભાઈ ભટ્ટ તથા કમલેશભાઈ વેગડ દ્વારા થયું હતુ.





## માતૃભાષાના સંવર્ધન માટે : બાળ ગ્રંથાલયો

'વાંચે ગુજરાત' અભિયાન પુરજોશમાં હતું, ત્યારે શ્રી પન્નાબહેન રસિકભાઈ હેમાણી પરિવારમાં સહયોગથી શિશુવિહાર દ્વારા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૮૦ અને જિલ્લા પંચાયત સંચાલિત ૫૪૨ ગ્રામ્ય શાળાઓનાં ૩,૭૯,૧૦૦ બાળકો માટે ૪૬,૪૦,૦૦૦ની કિંમતનાં ૧,૮૬,૬૦૦ જેટલાં બાળપુસ્તકો વર્ષ ૨૦૦૯માં ઉપલબ્ધ કરવામાં આવ્યાં. પ્રવૃત્તિના પ્રારંભે શાળાઓના શિક્ષકો માટે વર્કશોપ યોજી બાળકોનાં ઘડતરમાં અને સામાજિકરણમાં વાર્તાની જરૂરિયાત વિષયે વિચારો મૂકવામાં આવ્યા, પુસ્તકાલય સંચાલનની પદ્ધતિઓના વૈજ્ઞાનિક અભિગમથી શિક્ષકોને વાકેફ કરવામાં આવ્યા. તે પછી છેલ્લા ૧૪ વર્ષથી ગુજરાતના જાણીતા વિકાસચિંતક સાહિત્યકારોના વરદ હસ્તે પ્રાથમિક શાળાઓમાં પુસ્તકો આપવામાં આવે છે.

શિશુવિહાર સંસ્થાએ પ્રાથમિક શાળાના શિક્ષકોની સેવા લીધી. નવી પેઢીને વાંચન સાથે જોડવાના પવિત્ર કાર્યનો મહિમા શિક્ષકોથી વધુ કોણ સમજે? આમ છતાં બાળકો દ્વારા પુસ્તકો વંચાય એટલે તૂટે-ફાટે એવું બનવાનું હતું. આથી સંસ્થા શિક્ષકો પાસેથી ફાટેલા પુસ્તક પરત મેળવી નવા ઉમેરતી રહે છે. ગ્રંથમંદિરનું કામ-કાજ કેમ ચાલે છે? બાળકોને કયા પ્રકારનાં પુસ્તકો વાંચવાં વધુ ગમે છે? બાળક પુસ્તક ઘરે લઈ જાય છે, તો પછી તેના ઘરે દાદા-દાદી, નાનાં-મોટાં ભાઈ-બહેનન પુસ્તક વંચાવે છે? પુસ્તકની સોબતથી પોતાના અભ્યાસમાં બાળકની રુચિ વધી છે? આ અને આવા પ્રશ્નોના જવાબ શોધવા ભાવનગર યુનિવર્સિટીના લાઈબ્રેરી સાયન્સના વિદ્યાર્થીઓની મદદથી સમયાંતરે સર્વે કરવામાં આવે છે એટલું જ નહીં, પણ ભાવનગર યુનિવર્સિટીના સોશિયોલોજી વિભાગના વિદ્યાર્થીઓને નિમંત્રણ આપી તેમના દ્વારા પુસ્તકાલયની સામાજિક અસર ઉપર વૈજ્ઞાનિક માહિતી એકત્ર કરી સમયાંતરે અહેવાલરૂપે પ્રકાશિત કરવામાં આવે છે.

કહેવાય છે કે, પુસ્તક સાચો મિત્ર છે, પરંતુ બાળકોએ પુસ્તક સાથે મૈત્રી કેળવી છે કે નહિ? તે તપાસવા પ્રતિવર્ષ પ્રાથમિક શાળાનાં ૮,૦૦૦ બાળકો માટે વાર્તાકથન કાર્યક્રમ, 'મારે વાર્તા કહેવી છે' યોજવામાં આવે છે. વર્ગ ખંડમાં, શાળા સ્તરે અને છેવટે શહેર કક્ષાએ પ્રવૃત્તિ યોજાય છે. તેમ પ્રતિવર્ષ વિદ્યાર્થીઓને મહાત્મા ગાંધી, પર્યાવરણ, ટ્રાફિકની સમસ્યા, સમૃદ્ધ ભારત તેવા વિષયો સાથે જોડી પુસ્તક આધારિત ચિત્રો દોરી રજૂ કરવાની તક આપવામાં આવે છે અને ચિત્રકાર વિદ્યાર્થીના ફોટા અને શાળાના નામ સાથે કેલેન્ડર સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવે છે.



માતૃભાષા સંવર્ધન માટે બાળપુસ્તકાલયના પ્રયોગની અસરકારકતા અંગે શિક્ષકોના પ્રતિભાવ મેળવવામાં આવ્યા ત્યારે ગંભીરસિંહ ચાવડા નામે એક શિક્ષકે કહ્યું, 'અમારા મજૂર વિસ્તારનાં બાળકો મા-બાપનાં દોરવ્યાં અને ક્યારેક પૈસા અને નાસ્તાની લાલચે શાળામાંથી ભાગી દારૂની પોટલીની હેરાફેરી કરી નાખે છે. પણ વાર્તાનાં પુસ્તકોએ જાદુ પાથર્યો છે. બાળકો મા-બાપની લાલચને અવગણીને પણ મંગળવારે અચૂક શાળાએ આવે છે. શાળા પૂરી થાય ત્યાં સુધી શાળામાં હાજરી આપે છે અને વાર્તાની ચોપડી લઈ ઘરે જાય છે.' ચાવડી ગેટની સ્લમ કોલોનીમાં ધોરણ ૬મા ભણતો મનસુખ ભીખાલાલ બારડ પોસ્ટકાર્ડ લખીને અમને જણાવે છે કે 'દર ગુરુવારે મારાં બહેન(શિક્ષિકા) મને વાર્તાની ચોપડી ઘરે લઈ જવા માટે આપે છે. હું રંગ-રંગનાં ચિત્રોવાળી ચોપડી લઈને ઘરે જાઉં છું ત્યારે મારી દાદી રાહ જોઈને બેઠી હોય છે. દાદીને હું બધી વાર્તા વાંચી સંભળાવું છું.' બાળપુસ્તકાલયના પ્રયોગથી વિદ્યાર્થીઓના ગણન, વાંચન અને લેખનમાં નોંધપાત્ર ફેરફાર આંખે દેખાય છે. ભાવનગર શહેરની ૫૮ પ્રાથમિક શાળાનાં ૮૦૦૦થી વધુ બાળકો દર મંગળવારે હોંશે-હોંશે બાળપુસ્તકોની આપલે કરે છે. તેથી વધુ ઉત્સાહ પ્રેરક બીજું શું હોઈ શકે?

લોક સહયોગ અને લોક ભાગીદારીથી ભાવનગર જિલ્લાની વિવિધ શાળાઓમાં બાળપુસ્તકાલયો મૂકી શિક્ષકો, બાળકો, વાલીઓનાં ૧૧૦૦૦થી વધુ પોસ્ટકાર્ડ-પ્રતિભાવો શિશુવિહારને મળતા માતૃભાષા સંવર્ધનના હેતુને નવું જોમ મળ્યુ છે.

ગુજરાતી ભાષા જીર્ણ થઈ રહી છે. ત્યારે બાળકોની પ્રાથમિક ઉંમરે જ વાર્તાના માધ્યમથી માતૃભાષામાં સંસ્કાર બીજ રોપી દેવા સક્ષમ પુસ્તકાલયોના વિકાસ માટે સતત ૧૫મા વર્ષે પરીખ ફાઉન્ડેશન દ્વારા બાળ પુસ્તકાલય પ્રવૃત્તિને વેગવંત બનાવવામાં આવી છે. તે માટે શહેરના હજારો ગરીબ બાળકો વતી શિશુવિહાર સંસ્થા શ્રી વિક્રમભાઈ મહેતાનો આભાર માને છે.



## વર્ષ ૨૦૦૯થી સાતત્યપૂર્ણ રીતે વિતરણ કરવામાં આવેલ પુસ્તકો

| ક્રમાંક | તારીખ | શાળા સંખ્યા | કુલ પુસ્તક વિતરણ | પુસ્તકોની કુલ કિંમત | કાર્યક્રમ અતિથિ વિશેષ |
|---|---|---|---|---|---|
| 1. | 21.09.2009 | 542 | 186600 | 4640000.00 | શ્રી સનતભાઈ મહેતા |
| 2. | 02.01.2010 | 80 | 8000 | 400000.00 | પૂજ્ય મોરારિબાપુ |
| 3. | 14.12.2011 | 80 | 8000 | 400000.00 | શ્રી એ.જે.નિમાવત |
| 4. | 14.07.2012 | 64 | 6400 | 320000.00 | શાહબુદ્દિનસિંહ રાઠોડ |
| 5. | 22.07.2013 | 64 | 6400 | 320000.00 | ભૂપેન્દ્રસિંહ ચુડાસમા |
| 6. | 10.03.2014 | 60 | 6000 | 300000.00 | પ્રા. રાધેકાન્ત દવે |
| 7. | 12.12.2015 | 57 | 5700 | 151050.00 | ડૉ. મુનિભાઈ મહેતા |
| 8. | 30.12.2016 | 54 | 5400 | 270000.00 | શ્રી સતિષભાઈ ત્રિવેદી |
| 9. | 14.07.2011 | 54 | 5400 | 270000.00 | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા |
| 10. | 17.03.2018 | 54 | 5400 | 270000.00 | સ્વામિની સુલભાનંદાજી |
| 11. | 22.07.2019 | 54 | 5400 | 270000.00 | ઈન્દુમતિબહેન કાટદરે |
| 12. | 12.01.2020 | 54 | 5400 | 270000.00 | પૂજ્ય મોરારિબાપુ |
| 13. | 23.11.2021 | 54 | 5400 | 270000.00 | સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજી |
| 14. | 04.12.2022 | 54 | 5400 | 270000.00 | પૂજ્ય મોરારિબાપુ |
| | Total | 1325 | 264900 | 8421050.00 | |

## વર્ષ ૨૦૨૩માં શહેરની ૩૬ શાળાઓમાં ૬૭૯૦ વિદ્યાર્થીઓને આપત્તિ નિવારણ તાલીમ

શિશુવિહાર સંસ્થા દ્વારા ભાવનગર શહેરની ૩૬ શાળાઓમાં ૬ મહિના દરમિયાન ૬૭૯૦ બાળકો માટે આપત્તિ નિવારણ તથા પ્રાથમિક સારવાર અંગેની તાલીમ યોજાઈ.

**વાઘ બકરી ટી ફાઉન્ડેશન (ગુજરાત)ના વિશેષ સહયોગથી** શિશુવિહાર સંસ્થા દ્વારા ભાવનગર શહેરની ૩૬ શાળાઓમાં જુલાઈ ૨૦૨૨ થી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન ૬૭૯૦ વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર અને આપત્તિ નિવારણ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ધરતીકંપ, વાવાઝોડું, પૂર કે આગ જેવી કુદરતી આપત્તિઓ સમયે અને અકસ્માત જેવી પ્રાકૃતિક તેમજ માનવસર્જિત આપત્તિઓ સમયે માનવ સમુદાયને બચાવવા પ્રાથમિક સારવાર, હંગામી આવાસોની વ્યવસ્થા



યોજવા માટે વિદ્યાર્થીઓને તાલીમ આપી તૈયાર કરવામાં આવેલ.

ઉપરાંત શિશુવિહારના તાલીમાર્થી અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા સન્માનિત શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી કમલેશભાઈ વેગડ તેમજ કરણ ઠાકોર દ્વારા શહેરની વિવિધ શાળાઓનાં ૬૭૯૦ વિદ્યાર્થીઓને ઈમરજન્સી મેથડ, વિવિધ પ્રકારના સ્ટેચર, પાટા, ફર્સ્ટએડ, દોરડાની વિવિધ ગાંઠ ઉપરાંત આપત્તિ નિવારણ સ્થિતિમાં પ્રાથમિક સારવારની સમજ પ્રત્યક્ષ નિદર્શન દ્વારા આપવામાં આવી.

**ભાવનગરના વિકાસ માટે અનન્ય યોગદાન આપનાર આર્ષ દૃષ્ટા પૂજ્ય કાંતિસેનભાઈ શ્રોફ શતાબ્દી મહોત્સવ પ્રસંગે** તમામ વિદ્યાર્થીઓને શિશુવિહાર તરફથી બાળ આરોગ્ય સૂત્ર પુસ્તિકા તથા શાળાના પુસ્તકાલય માટે 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ'નું સાહિત્ય ભેટ સ્વરૂપે આપવામાં આવેલ.

શાળામાં ભણતા બાળકો અને તેના વાલીઓમાં આપાતકાલિન વ્યવસ્થા માટેની સજ્જતા અને જાગૃત્તિ વધારવામાં શાળાનાં આચાર્યશ્રીઓ તથા શિક્ષકોના અનન્ય સહકારથી યોજી શકાય છે જે નોંધપાત્ર છે. **વાઘ બકરી ટી ફાઉન્ડેશનના એકિઝક્યુટિવ શ્રી અજયભાઈ સીસીલિયા તેમજ શ્રી લતાબહેન બ્રહ્મભટ્ટનાં માર્ગદર્શન** સાથે યોજાયેલ સમગ્ર કાર્યક્રમનું સંકલન શિશુવિહારથી શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યુ હતુ.






## ૨૨૯ શિબિરો દ્વારા
## ૫૩,૦૭૬ વિદ્યાર્થીઓને તાલીમ આપનાર
## **શ્રી હરેશભાઈ માનભાઈ ભટ્ટનું અભિવાદન**



માનવાધિકાર અને મહિલા બાળ વિકાસ સંગઠન દ્વારા 'માનવ પ્રતિભા સન્માન' સમારોહ તા.૭ જાન્યુઆરીએ શ્રી અટલ બિહારી બાજપાઈ હૉલ (ભાવનગર)માં યોજાઈ ગયો. આ પ્રસંગે ૨૨૯ શિબિરો થકી ૫૩,૦૭૬ વિદ્યાર્થીઓ તથા ઔદ્યોગિક કામદારોને આપત્તિ નિવારણ તાલીમ સાથે જોડનાર શ્રી હરેશભાઈ માનભાઈ ભટ્ટનું માનવ અધિકાર આયોગના અધ્યક્ષશ્રી શ્રી રવિકુમાર ત્રિપાઠી, ભાવનગર યુવરાજ શ્રી જયવીરરાજસિંહજી તથા શહેરના પ્રથમ નાગરિક માનનીય શ્રી કીર્તિબહેન દાણીધારિયાની પ્રેરક ઉપસ્થિતિમાં શિશુવિહારનું અભિવાદન નવી પેઢી માટે પ્રેરણાદાયી બને છે.




આપત્તિ નિવારણ અંગેની તાલીમ માટે શિશુવિહાર દ્વારા હિન્દી ભાષામાં પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. શ્રી હરેશભાઈ ભટ્ટ દ્વારા સંકલિત તથા શ્રી નિર્મોહીબહેન ભટ્ટ દ્વારા હિન્દીમાં અનુવાદિત પુસ્તિકા સંસ્થા પ્રકાશનની પડતર કિંમત રૂ.૫૦/- છે.



## શહેરની ૫૫ શાળાઓમાં
## ૬૬૦૦ વિદ્યાર્થીઓની સ્વાસ્થ્ય તપાસ

**વાઘ બકરી ટી ફાઉન્ડેશન (અમદાવાદ)ના વિશેષ સહયોગથી** ભાવનગરની સામાજિક સંસ્થા શિશુવિહાર દ્વારા ભાવનગર શહેર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત ૫૫ શાળાઓમાં જુલાઈ ૨૦૨૨ થી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન ૬૬૦૦ બાળકો માટેની સ્વાસ્થ્ય શિબિર યોજવામાં આવી. બાળકોમાં કુપોષણને લીધે આંખોની સમસ્યાઓ વિશેષ જોવા મળે છે. ત્યારે શિશુવિહાર સંસ્થાના ઉપક્રમે વર્ષ ૨૦૨૨માં ૫૫ શાળાઓમાં ૨૨૦૦ બાળકોની આંખ તપાસ કરી ગુજરાત રાજ્યની 'અંધત્વ નિવારણ યોજના' અંતર્ગત ચશ્માં વિતરણ કરવામાં આવ્યું. લોહીમાં હિમોગ્લોબિન ઊણપ અને તેને લીધે ઊભા થતાં શારીરિક પ્રશ્નો વિશેષત: ધોરણ સાત અને આઠમાં ભણતી બહેનોમાં આયર્ન ડેફિશન્સી તરીકે સવિશેષ જોવા મળે છે જેને ધ્યાનમાં લઈને શાળાઓમાં ભણતી વિદ્યાર્થિનીઓનાં લોહીમાં હિમોગ્લોબિન તપાસ કાર્યક્રમ દ્વારા ૨૨૦૦ વિદ્યાર્થીની તપાસ કરી ઓછું હિમોગ્લોબિન ધરાવતી વિદ્યાર્થિનીઓને ડૉક્ટરની સલાહ અનુસાર વિનામૂલ્યે પંદર દિવસ માટે જરૂરી દવાઓ પણ આપવમાં આવી. તદુપરાંત નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાતમંદ ૨૨૦૦ બાળકોની જનરલ આરોગ્ય તપાસ કરી દવા આપવામાં આવી હતી. **શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી, સમિતિના સભ્યશ્રીઓ તેમજ આચાર્યશ્રીઓના વિશેષ સહયોગથી** શિશુવિહાર સંસ્થાનાં ઉપક્રમે યોજાયેલ સ્વાસ્થ્ય શિબિરમાં ડૉ. અરવિંદભાઈ ત્રિવેદી, ટેકનિશિયન શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટે સેવા આપેલ. નગરપાલિકાની શાળાના ગરીબ બાળકો માટે યોજાતા સ્વાસ્થ્ય શિબિરમાં **વાઘ બકરી ફાઉન્ડેશનનાં** અનન્ય સહકારથી પ્રતિવર્ષ અનેક ગરીબ બાળકો લાભાન્વિત બને છે જે અનુકરણીય બને છે. શિશુવિહાર યોજિત ૫૫ આરોગ્ય શિબિરનું સંકલન શ્રી રાજુભાઈ મકવાણાએ કર્યુ હતું.






# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• શિશુવિહાર પ્રાંગણમાં ડૉ. છાયાબહેન પારેખ દ્વારા સમન્વય જૂથના શિક્ષણવિદોનું સ્નેહમિલન યોજાઈ ગયું. જેમાં શિક્ષણ સંવર્ધન અભિયાનના પરિવારજનો ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે ડૉ. નલીનભાઈ પંડિત, ડૉ. નાનકભાઈ ભટ્ટ, ડૉ. નવનીતભાઈ રાઠોડ તથા નગર પ્રાથમિક શિક્ષક સમિતિના ચેરમેન શ્રી શિશિરભાઈ ત્રિવેદીએ ઉપસ્થિત રહી શિક્ષકો સમૂહને પરિવર્તન હેતુને સાર્થક કરવા સક્રિય રહેવા માર્ગદર્શર્ન આપ્યું હતું. ડૉ. હરેશભાઈ રાજ્યગુરુ અને શ્રી શકિતદાન ગઢવીએ સંગીત પ્રસ્તુતિ કરી હતી. શ્રી વિઠ્ઠલભાઈ સવાણીના સંકલન હેઠળ યોજાયેલ સ્નેહમિલનમાં ૫૦થી વધુ શિક્ષકોએ કાઠિયાવાડી ભોજન માણ્યું હતું.



• તા. ૧ જાન્યુઆરીએ શ્રી નવગામ ભાવસાર જ્ઞાતિ, ભાવનગર આયોજિત સરસ્વતી સન્માન સમારોહ તથા દાતાશ્રીઓના સન્માન કાર્યક્રમ સર્વાંગી ભવનમાં યોજાઈ ગયો. જેમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૨ સુધી બાલમંદિરથી અનુસ્નાતક કક્ષા સુધીના ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓ કે જેઓએ પરીક્ષામાં ૮૦%થી વધુ માર્ક્સ મેળવ્યા હતા તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સંસ્થા રંગમંચ ઉપર યોજાયેલ કાર્યક્રમ ભોજન બાદ સંપન્ન થયેલ.




• મધુર સ્વર સંગીત સંધ્યા ગ્રુપ તથા સુહાને નગ્મેના સંયુક્ત ઉપક્રમે તા.૧ જાન્યુઆરીએ સંસ્થા રંગમંચ ઉપર જૂના હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ શ્રી કિરીટભાઈ તન્ના તથા મધુભાઈ ત્રિવેદીના સંકલન તળે યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૧૫૦થી વધુ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.






• સશક્ત અને સુપોષિત કિશોરી અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા શિશુવિહાર સંસ્થા પ્રાંગણમાં 'બેટી બચાવો બેટી પઢાવો' જાગૃતિ અભિયાન યોજાઈ ગયું. દેશની નવી પેઢી સ્વસ્થ રહે તેવા શુભ આશયથી ૫ જાન્યુઆરીએ યોજાયેલ કિશોરી મેળામાં માનનીય મેયરશ્રી, ધારાસભ્યશ્રી, કલેક્ટરશ્રી તેમજ સંકલિત મહિલા બાળ વિકાસ વિભાગ દ્વારા ચાલતા બાલવાડી વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૭૦૦થી વધુ કિશોરીઓને તેના વિકાસ અને સંરક્ષણ હેતુને લક્ષમાં રાખી માર્ગદર્શન આપવામાં આવેલ. શિશુવિહાર સંસ્થાએ પણ છેલ્લા ૧૧ વર્ષથી યોજાતા આંગણવાડી તાલીમનું નિદર્શન આપ્યું હતું. આ પ્રસંગે શહેરના પ્રથમ નાગરિક માનનીય કીર્તિબહેન દાણીધારિયાનાં વરદ હસ્તે શિશુવિહારની સેવા પ્રવૃત્તિનું અભિવાદન થયું હતું. જે સંસ્થાના મંત્રી શ્રી ડૉ. નાનકભાઈએ ભટ્ટે સ્વીકાર્યું હતું. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમનું સંકલન ઘટક ૧ અને ૨ના જિલ્લા સંયોજકો દ્વારા થયું હતું.









• માતૃભાષામાં શિક્ષણ વધુ સરળ અને રસપ્રદ બને તે આશયથી GCERT સંકલિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વિભાગ દ્વારા શિશુવિહાર પ્રાંગણમાં એક દિવસીય પરિસંવાદ યોજાઈ ગયો. માતૃભાષા વિષયે ૨૦૦થી વધુ ભાષા શિક્ષકોની ઉપસ્થિતિમાં યોજાયેલ પરિસંવાદમાં ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના અધ્યક્ષ ડૉ. અરવિંદભાઈ ભંડારી, જાણીતા ભાષાવિદ ડૉ. ઉમાકાંત રાજ્યગુરુ તથા પાઠ્યપુસ્તક લેખક અને સમીક્ષક ડૉ. બળવંતભાઈ તેજાણીએ શિક્ષકોને માર્ગદર્શન આપ્યું હતું. તા.૬ જાન્યુઆરીએ યોજાયેલ પરિસંવાદનું સંકલન ડૉ. નલિનભાઈ પંડિત તથા ડાયટના પ્રાચાર્ય શ્રી હિરેનભાઈ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું. કાર્યક્રમનાં પ્રારંભે શિશુવિહાર સંસ્થા તરફથી સૌનું અભિવાદન કરવામાં આવ્યું હતું. ભાવનગરની શિક્ષણ ભૂમિ ઉપર યોજાયેલ ગોષ્ઠિમાં ગુજરાતી ભાષા કોશ વિષયે પણ વિગતે ચર્ચા થઈ હતી જે નવી શિક્ષણ નીતિના સંકલનમાં માર્ગદર્શક બની રહેશે.



• શ્રી પુનિત અંધારિયા પ્રેરિત 'સ્વર સાધના' ગ્રુપ દ્વારા આયોજિત સુમધુર ફિલ્મી ગીતોનો ૫૩મો કાર્યક્રમ 'મેરે સુર મેરે ગીત' કરાઓકે ટ્રેક શો થકી તા.૮ જાન્યુઆરીએ સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. કાર્યક્રમનો આસ્વાદ માણવા ૨૦૦થી વધુ પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

• શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના સંકલનતળે સૂર સંગમ આયોજિત સપ્તસૂરી સંધ્યાનો ૬૬મો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ તા. ૧૫ જાન્યુઆરીએ સંસ્થા રંગમંચ ઉપર યોજાઈ ગયો. ૨૦૦થી વધુ સંગીતપ્રેમીઓએ કાર્યક્રમનો આસ્વાદ માણ્યો હતો.







• નટરાજ કલા સંસ્થાનાં ઉપક્રમે એક સાંજ આપની સાથે સંગીત કાર્યક્રમ યોજાયો. શ્રી કેતનભાઈ આવસત્થીના સંકલન તળે સંસ્થા રંગમંચ ઉપર યોજાયેલ ૧૪૩માં જૂના હિન્દી ફિલ્મોનાં ગીતોને માણવા માટે ૩૦૦થી વધુ સંગીત પ્રેમીઓ પધાર્યા હતા.

• મહેસાણા શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના ૭૫ શિક્ષકો ૧૯ જાન્યુઆરીએ શિશુવિહાર સંસ્થાની મુલાકાતે પધાર્યા હતા અને બાળ કેળવણી અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. ડાયટ ભાવનગર યોજિત કાર્યક્રમમાં ડૉ. નલિનભાઈ પંડિતે શિશુવિહારની સ્કિલ ટ્રેનિંગની વાત કરી હતી. શિશુવિહાર બાલમંદિરથી સહુને ચા-નાસ્તો અને કાપડની થેલીમાં બાળ સાહિત્ય આપવામાં આવેલ.





• સમાજ કાર્ય શિક્ષણ સાથે સંકળાયેલ નંદકુંવરબા મહિલા કોલેજના ૪૦ વિદ્યાર્થિનીઓ શિશુવિહાર સંસ્થા મુલાકાતે પધાર્યા હતા. સૈદ્ધાંતિક જ્ઞાનને વ્યવહારિક જ્ઞાન સાથે જોડવાનો પ્રયાસરૂપે ૨૭ જાન્યુઆરીની મુલાકાત સમયે સંસ્થાનાં સલાહકાર પ્રા. ડૉ. નેહલભાઈ ત્રિવેદીએ સહુને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે તમામ વિદ્યાર્થિનીઓને શિશુવિહારથી જરૂરી સાહિત્ય આપવામાં આવેલ.





• ચાપરડા (જૂનાગઢ) આશ્રમ દ્વારા ગીર જંગલનાં નેસમાં ચાલતા આનંદધારા શિક્ષણ કાર્યક્રમ સાથે જોડાયેલ ૨૦ વિદ્યાર્થીઓને શિશુવિહાર દ્વારા સ્કૂલ કીટનું વિતરણ કરવામાં આવ્યું. ૨૮ જાન્યુઆરીએ ડૉ. નલિનભાઈ પંડિતની પ્રેરણાથી ગીર નેસમાં યોજાયેલ કાર્યક્રમમાં લોકભારતીના શિક્ષણ તાલીમાર્થીઓએ સેવા આપી હતી.




• સૂર સંગીત ભાવેણા ગ્રુપનો શ્રી કાદરભાઈ શેખના સંકલન તળે જૂના હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૨૯ જાન્યુઆરીએ સંસ્થા રંગમંચ પર યોજાઈ ગયો. જૂના ફિલ્મી ગીતો આસ્વાદ માણવા ૩૦૦થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આરોગ્ય

### ૪૫૪ તથા ૪૫૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:






શિશુવિહાર સંસ્થામાં ૪૫૪ અને ૪૫૫મો નેત્રયજ્ઞ સ્વ. નાનાલાલ વાણાણીની પૂણ્ય સ્મૃતિમાં શ્રી જયંતભાઈ વાણાણીના સૌજન્યથી તારીખ ૨૭ જાન્યુઆરીએ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૨૪ દર્દીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રી શિવપ્રતાપસિંહ રાઠોરની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દર્દીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૩૭ દર્દીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.


'દર્દી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૯૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:



જાન્યુઆરી માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૭૦ રહી હતી. માસ દરમિયાન બાળકોને બાળ ફિલ્મ, શાંતિની રમત, ઉત્તરાયણ ઉત્સવ ઉજવણી સાથે સાંકળવામાં આવ્યા હતા. બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુસર જાન્યુઆરીમાં રંગ મિશ્રણ, ઝૂલતી મીણબત્તી, જુવારા વાવવા પ્રકારે પ્રવૃત્તિ યોજેલ. માસમાં વિવિધ શાકભાજીનું પ્રદર્શન યોજવામાં આવેલ.



દાતા સર્વ શ્રી લાભુબહેન



ભીલ, શ્રી લીલીબહેન મકવાણા, શ્રી અંકિતાબહેન ભટ્ટ દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૧૮ દાતાઓ દ્વારા પોષક આહાર પીરસવામાં આવેલ.

માસ દરમિયાન પ્રાત:પ્રાર્થના સમયે ૫ બાળકોનો જન્મદિવસ તથા સંસ્થા કાર્યકર શ્રી અંકિતાબહેન ભટ્ટ અને શ્રી લીલીબહેન મકવાણાનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ. બાલમંદિર વિશેષ પ્રવૃત્તિ અંતર્ગત તારીખ ૨૫ જાન્યુઆરીએ રમતોત્સવ ઉજવવામાં આવ્યો. જેમાં ૨૦ વાલીઓ અને ૫૦ બાળકોએ ભાગ લીધો હતો.

માસ દરમિયાન બાલમંદિરની શૈક્ષણિક મુલાકાતે શ્રી મહેસાણા શિક્ષણ સમિતિના ૭૫ શિક્ષકો તથા નંદકુંવરબા કૉલેજના MSW ના ૪૦ વિદ્યાર્થિનીઓ મુલાકાતે પધારેલ જેને સંસ્થા તરફથી માર્ગદર્શક સાહિત્ય આપવામાં આવેલ.

સંચાલક: શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ





શિક્ષણમાં શ્રમયજ્ઞનો અપાર મહિમા હતો, પરંતુ સમજણના અભાવે બાળકોની હળવી મહેનતને મજૂરી તરીકે જોવામાં આવતા. શાળાના આચાર્યશ્રી અને શિક્ષકો વિદ્યાર્થીઓ પાસે થોડી ઘણી હળવી મહેનત કરાવતા ડરે છે. શાળાનું આંગણું સાફ કરવું, બાથરૂમ સાફ કરવું, વર્ગખંડની સ્વચ્છતા આ બધું જીવન શિક્ષણ છે અને આ પ્રક્રિયામાંથી પસાર થતું બાળક જયારે ઘર સંભાળે છે ત્યારે પવિત્ર ઘર અને ધંધા રોજગાર કરે છે ત્યારે ગુડ હાઉસ કીપિંગના પાઠ શીખે છે. અકસ્માત રહિત કાર્ય પદ્ધતિનો પ્રથમ પાઠ શાળામાં યોજાતા શ્રમયજ્ઞમાં રહેલો છે. મા બાપે પણ સમજવા જેવું છે અને જનતાની વાત રજૂ કરનાર અખબારોએ પણ સમજવું પડશે કે ગાંધી યુગથી શરૂ થયેલ શ્રમયજ્ઞ એક પવિત્ર જીવન શિક્ષણ છે જે વિદ્યાર્થી અવસ્થામાં જ આચરણમાં રોપી શકાય. શ્રી શિશુવિહાર બાલમંદિરનાં શિક્ષકોએ અમલમાં મૂકેલ જીવન શિક્ષણની વાત અન્ય શાળાઓમાં પણ આચરણમાં મુકાય તેવી અભ્યર્થના. (સાભાર સૌજન્ય: સૌરાષ્ટ્ર આસપાસ)

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ



જાન્યુઆરી માસ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૫૦ રહી હતી. માસ દરમિયાન સ્લો સાઈકલ, ત્રિપગી દોડ, કોથળા દોડ, બિસ્કીટ ખાવ, બોર ખાવ તેમજ ડમ્બેલ્સ પાડવાની સામુહિક રમતો રમાડવામાં આવી હતી.

સાયં પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતા. તેમજ ક્રીડાંગણ તાલીમાર્થી શ્લોકનો જન્મદિવસ, સંસ્થા કાર્યકર અંકિતાબહેન અને લીલીબહેનનો જન્મદિવસ પણ ભોજન, પ્રસાદ-સ્મૃતિ ભેટ સાથે ઉજવાયો હતો.



સંસ્થાની મુલાકાતે પધારેલ શ્રી ભવ્યભાઈ શાહ (મુંબઈ)એ ક્રીડાંગણ તાલીમાર્થીનું તાલીમ નિદર્શન નિહાળ્યું હતું. સાથોસાથ ક્રીડાંગણના વિદ્યાર્થીઓને પોતાના વરદ હસ્તે ગણવેશનું વિતરણ કરેલ.

સંસ્થા પરિસરમાં પરંપરાગત રીતે ૭૪મો ગણતંત્ર દિવસ ૨૬ જાન્યુઆરીએ ઉજવાયો. ક્રીડાંગણ તાલીમાર્થીઓએ બેન્ડ સલામી સાથે ધ્વજવંદન કર્યુ હતું. આ પ્રસંગે વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ તરફથી લેવાયેલ રાજ્ય પુરસ્કાર પરીક્ષામાં ઉર્ત્તિણ થનાર તાલીમાર્થી દેવ ડાભી, કરણ ઠાકર, હાર્દિક ઢાપા, ગૌત્તમ બારૈયા, અભિષેક ગુજરિયા, રુદ્ર લાઢિયા, વૈભવ મકવાણા, ચંદ્રેશ ચુડાસમાને પુરસ્કૃત કરાયા હતા. ગણતંત્રપર્વ પ્રસંગે સાંજે તાલીમાર્થીનો રમત-ગમત ઉત્સવ પણ યોજાયો. જેમાં સ્લો સાયકલ, ત્રિપગી દોડ, કોથળા દોડ, બિસ્કીટ ખાવ, બોર ખાવ તેમજ ડમ્બેલ્સ પાડ રમત યોજાઈ, જેમાં ભાગ લેનાર ૪૧ તાલીમાર્થીઓ પૈકી ઉત્તમ ૨૪ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગથી પુરસ્કૃત કરવામાં આવેલ. જાન્યુઆરી માસમાં શ્રી કિરણભાઈ પટેલ તરફથી મળેલ ૫૫ કબડ્ડી કીટ તાલીમાર્થીઓને આપવામાં આવેલ.

૧૩ જાન્યુઆરીએ તાલીમાર્થી માટે પતંગ મહોત્સવ યોજાઈ ગયો. જેમાં બાળકોએ પ્રાંગણમાં પતંગ ઉડાડી મજા માણી હતી. મકરસંક્રાંતિપર્વને લક્ષમાં લઈ વિદ્યાર્થીઓને પશુ-પંખી તેમજ પોતાની સલામતી રાખવાની જરૂરિયાત અંગેની માહિતી આપવામાં આવેલ.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ ઍન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૧૨૬૫ નાગરિકોએ લીધેલો.

– સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા



# કાંઠા વિસ્તારનાં ગામડાંઓ માટે આરોગ્ય શિબિર




ભાવનગરનાં ખાડી વિસ્તારનાં અત્યંત પછાત ગામડાંઓમાં ગ્રામજનોનાં આરોગ્યની કાળજી લેતી નિરમા ઈન્ડસ્ટ્રિઝના સહયોગથી જાન્યુઆરી માસમાં (ગામ) સવાઈનગરમાં આરોગ્ય શિબિર યોજાયેલ, જેમાં ૨૯૦ દર્દીઓને નિદાન તેમજ જરૂરી દવા અને સારવાર આપવામાં આવી. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાનાં બાળ પુસ્તકાલય અંતર્ગત ૧૦૦ પુસ્તકોનો સંપુટ આચાર્યશ્રીને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. ભાવનગર જિલ્લાનાં ગામડાંઓના સ્વાસ્થ્યની કાળજી માટે વાઘ-બકરી ફાઉન્ડેશન દ્વારા મળેલ મેડિકલ વૅનનાં વિશેષ સહયોગથી યોજાતા આરોગ્ય શિબિરોમાં ડૉક્ટરશ્રી અરવિંદભાઈ ત્રિવેદી, ટેકનિશયનશ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન તથા નિરમા લિમિટેડનાં પ્રતિનિધિ ચિરાગભાઈ કુકડિયા અને ગામના સરપંચ શ્રી હર્ષાબહેન ભરતભાઈ ગઢવી તથા આચાર્ય શ્રી વખતસંગભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી રાજુભાઈ મકવાણા તથા શ્રી હીનાબહેન ભટ્ટ દ્વારા થયું હતું.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

## વયસ્કો માટે ૩૩૫મી દૃષ્ટિચકાસણી શિબિર:

શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી જાન્યુઆરી માસમાં ૩ રવિવારે દૃષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટ દ્વારા Auto Refractometer દ્વારા ૧૧૨ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.




સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટરઃ



શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુઃખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ. જાહ્નવીબહેન તેજાણીનાં કન્સલ્ટેશન હેઠળ જાન્યુઆરી માસમાં ૪૨૧ દર્દીઓએ સારવાર લીધી હતી.

સંચાલકઃ શ્રી નિશાબહેન બારૈયા

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરઃ




જાન્યુઆરી માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૧૦૮૫ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલકઃ ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના વિદ્યાર્થીઓ માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ૪૭ ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ સંસ્થા થકી આ સેવાભાવી યુવકો વંચિતો માટે શિક્ષણ ઉપલબ્ધ કરાવી રહ્યા છે, જે નોંધનીય બને છે.

## સંગીત વર્ગઃ

જાન્યુઆરી માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલકઃશ્રી દેવુભાઈ મહેતા



## બાલદેવ વનઃ

જાન્યુઆરી માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૫૧૯ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. શ્રી સરસ્વતી પ્રાથમિક શાળાનાં ૫૦, શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિરનાં ૧૫૦, શાંતિ જુનિયર પ્રિ-સ્કૂલનાં ૪૦, શ્રી આદર્શ પ્રાથમિક શાળાનાં ૧૨૦, શ્રી સહજાનંદ પ્રાયમરી સ્કૂલનાં ૫૯, મદ્રેસા એ. ઈબ્રાહિમ પ્રાથમિક શાળાનાં ૫૦, શ્રી આશુતોષ પ્રા. શાળાનાં ૫૦ તેમ કુલ ૫૧૯ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન

## શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજનઃ રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

જાન્યુઆરી માસમાં ૨૦ વાચક સભ્યોએ ૫૦ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

રામાયણ , તુલસીનું આરોગ્ય, ધાર્મિક બુક, ભજનાવલી, અન્ય ૫૦ પુસ્તક (શ્રી હેમંતભાઈ મહેતા), કેળા અને એના ૧૦૦ ઉપયોગ, સાઉથ ઈન્ડિયન વાનગીઓ, અન્ય ૫૦ પુસ્તકો (શ્રી પ્રતિભાબહેન), ગીત મેળો, રમઝટ, ગીત ગાડી અન્ય ૪૦ પુસ્તકો (ડૉ. તેજસ દોશી)

સંચાલક :શ્રી દીપાબહેન જોષી

# મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

## જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમઃ



જાન્યુઆરી માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૭ રહી હતી. વર્ષ ૨૦૨૧-૨૨ની સીવણ પરીક્ષા ઉત્તિર્ણ કરનાર શ્રી રોશિયા આશાબહેનને શ્રી ઈન્દાબહેન ભટ્ટ તથા કુતુભભાઈ કપાસીના વરદ હસ્તે ગણતંત્રપર્વ પ્રસંગે સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત તમામ તાલીમાર્થીઓને સીવણ સમજૂતીની પુસ્તિકા આપવામાં આવી હતી.

## દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. જાન્યુઆરી માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ શિશુવિહાર સંસ્થામાં યોજાયો હતો. - શ્રી ઈન્દાબહેન ભટ્ટ

## મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. જાન્યુઆરી માસ દરમિયાન ૭ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ



તાલીમ આપવામાં આવે છે. જાન્યુઆરી માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૬૦માં પતંગ બનાવવાની તાલીમ આપવામાં આવી. જેમાં ૪૫ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## તાલીમ:

પ્રા. ડૉ.નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૧૧ જાન્યુઆરી યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમ જ ફેબ્રુઆરી માસના સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ





## સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત શ્રમિક બહેનો દ્વારા મકરસંક્રાંતિ પ્રસંગે બનાવેલ નેકબેલ્ટ સ્કુટર ચલાવતાં ભાઈઓ -બહેનો તથા વિવિધ ૧૦ શાળા તેમ કુલ ૧૦૩૨ નાગરિકો સુધી પહોંચાડવામાં આવ્યા છે.

શ્રી કિશોરભાઈ જોધવાણી તરફથી કાપડ ભેટ મળેલ છે. સંસ્થા કિશોરભાઈનો આભાર માને છે.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

## માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. જાન્યુઆરી માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૯ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક: શ્રી પંકજભાઈ ચૌહાણ

## બુધસભા:



૧૯૮૦થી અવિરતપણે ચાલતી બુધસભાની ૨૨૧૬મી બેઠક ૪ જાન્યુઆરીએ યોજાઈ. કાવ્ય આસ્વાદ અંતર્ગત સુરતના કવયિત્રી શ્રી રશ્મિબહેન ઝા દ્વારા રામધારીસિંહ ‘દિનકરનો ખંડકાવ્ય રશ્મિરથીનો આસ્વાદ કરાવવામાં આવ્યો. હિમલભાઈ પંડયા દ્વારા કવયિત્રીનું સ્વાગત અને પરિચય આપવામાં આવ્યો. શ્રી માનસીબહેનનાં સંચાલન હેઠળ બહોળી સંખ્યામાં કવિ-કવયિત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માસના બીજા બુધવારે શ્રી અજંનાબહેન ગોસ્વામીનાં સંચાલન હેઠળ અવસર અભિવ્યક્તિ અંતર્ગત ઉતરાયણના તહેવારને વધાવતા કવિ-કવયિત્રીઓએ સ્વ-રચનાઓનું પઠન કર્યુ હતું.

માસના ત્રીજો બુધવાર તા.૧૮એ કાવ્યપઠન સાથે સર્જનની પૂર્વ ક્ષણોમાં મહેમાન કવિ શ્રી નેહાબહેન પુરોહિતે સંવાદની રસપ્રદ શૈલી સાથે સર્જનની પૂર્વેની ક્ષણો, સર્જનપ્રક્રિયા, આસપાસની ઘટનાઓ, ઉપરાંત પોતાની સાહિત્ય યાત્રામાં શિશુવિહારના યોગદાન વિશે રસપ્રદ વાતો કરી હતી. આ વિશેષ ઉપક્રમે ૩૫ જેટલા કવિઓ સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન જીજ્ઞાબહેન ત્રિવેદીએ કર્યુ હતું.

માસની ૨૨૧૯મી છેલ્લી બેઠકમાં બુધસભાના સંયોજક ડૉ.માનસીબહેન ત્રિવેદીનું જિલ્લા સ્તરે પ્રાથમિક શિક્ષણમાં ઈનોવેશન કરવાની પ્રશંસ્ય કામગીરી કરાતા બુધસભા બેઠકમાં સન્માન કરાયું હતું. આ પ્રસંગે કવિ વિશેષ ઉપક્રમ અંતર્ગત કવિ દાનભાઈ વાઘેલાએ ભાવનગરના ગઝલકારોનો રસપ્રદ ઈતિહાસ વણવ્યો. કાર્યક્રમનું સંચાલન લાલજીભાઈ બાંભણિયાએ કર્યુ હતું. એકંદરે ચારેય બુધસભાનાં કાર્યક્રમો રસપ્રદ રહ્યા. જાન્યુઆરી ૨૦૨૩ની બુધસભામાં ૮૦ રચનાઓનું પઠન તથા ઉપસ્થિત મહેમાન કવિઓની અભિવ્યક્તિ રસપ્રદ રહી હતી.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## પ્રચાર-પ્રસાર



### જાન્યુઆરી માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી જે.સી. કુમારપ્પા મહાવિદ્યાલય-ગઢડા, શ્રી ધવલભાઈ ડી. ભટ્ટ-ભાવનગર, શ્રી ઈસ્માઈલભાઈ અબ્દુલભાઈ કુરેશી-ભાવનગર

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ



### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની જાન્યુઆરી માસમાં ૧૭૭ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

જાન્યુઆરી માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૪૯૦૦ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૨૩ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા



## વર્ષ ૨૦૨૨માં ગુજરાતી વર્તમાનપત્રોમાં શિશુવિહાર




વર્ષ ૨૦૨૨માં શિશુવિહાર સંસ્થાની સેવાકીય શૈક્ષણિક પ્રવૃત્તિઓની નોંધ ગુજરાતના ૨૬ અખબારો અને સામયિકોમાં ૨૩૫૩ વખત પ્રકાશિત થયેલ છે. આકાશવાણી અમદાવાદ, વડોદરા તથા રાજકોટ રેડિયો પ્રસારણ ઉપરાંત ઈલેક્ટ્રોનિક્સ મીડિયામાં પણ ૧૫૦ વખત સંસ્થા પ્રવૃત્તિની નોંધ લેવાયેલ છે. સંસ્થાની પ્રવૃત્તિઓની નોંધ વિશ્વગુજરાતીના સમુદાય સુધી પહોંચાડનાર સંસ્થાના કાર્યકર શ્રી અનિલભાઈ બોરીચા, મનિષા કણબી તથા રાજુભાઈ મકવાણાને અભિનંદન.

## હોળીપર્વ પ્રસંગે નિમંત્રણ

શિશુવિહાર સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ-કાર્યકરોનું સ્નેહમિલન તારીખ ૭ માર્ચ મંગળવારે સાંજના ૫:૩૦ કલાકે યોજાશે. આ ઉપક્રમે શિશુવિહાર ક્રીડાંગણની પ્રથમ ટુકડીના વિદ્યાર્થીની સ્વ. શ્રી મહાશ્વેતાબહેન ત્રિપાઠીની સ્મૃતિમાં ફાગણ પૂર્ણિમાએ સંસ્થાનાં પૂર્વ વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવશે.

શિશુવિહાર પ્રાંગણમાં ૮૩ વર્ષથી યોજાતા હોળી પર્વ પ્રસંગે યોજાનાર કાર્યક્રમમાં સહભાગી થવા અને સાથે ભોજન લેવા સંસ્થાનાં પૂર્વ વિદ્યાર્થીઓને હાર્દિક નિમંત્રણ છે.

કાર્યક્રમની વ્યવસ્થા માટે વ્યક્તિગત રૂ.૧૦૦/- આપી ભોજન પાસ મેળવી લેવા ખાસ વિનંતી છે.

**સંપર્ક**

**શ્રી હરેશભાઈ ભટ્ટ: મો.૯૩૭૭૯૯૩૩૭૩ શ્રી કમલેશભાઈ વેગડ:મો. ૯૫૫૮૭૫૭૫૬૩**



## • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય •
## સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 100000.00 | ડૉ. શ્રી જયાબહેન ગુણવંતરાય શ્રીધરાણી | કન્યા કેળવણી સહાય |
| 20000.00 | ડૉ. રુચિતા જશવંતરાય શાહ | શૈક્ષણિક, મહિલા ઉત્કર્ષ |
| 15000.00 | શ્રી દોલતરાય કેશુરદાસ કાણકિયા | પોષક આહાર |
| 11000.00 | શ્રી રમેશચંદ્ર પી. દફતરી ચે. ટ્રસ્ટ | પોષક આહાર |
| 10000.00 | શ્રી તૃપ્તિબહેન પટેલ | પોષક આહાર |
| 10000.00 | શ્રી હાજી ગુલામહુસેન મેઘાણી | નેત્રયજ્ઞ સહાય |
| 10000.00 | શ્રી મધુબહેન મકવાણા | પોષક આહાર |
| 5000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 3000.00 | શ્રી ઈન્દ્રાબહેન એમ. ભટ્ટ | મહિલા ઉત્કર્ષ |
| 3000.00 | શ્રી નિરવ એ. શાહ | મેડિકલ સહાય |

## શુભેચ્છકો લખે છે

**• શ્રી કુલિનકાંતભાઈ ચાંપશી (માનવજ્યોત)**

શિશુવિહારના ૧૫ જાન્યુઆરી ૨૦૨૩નું સળંગ અંક ૯૩૨ જોયા બાદ એક છાપ મગજમાં કાયમી ઊભી થઈ છે કે સતત વિવિધલક્ષી સેવાકાર્યોથી ધમધમતું 'શિશુવિહાર' સમાજ કલ્યાણના વિવિધ પાસાઓમાં શિક્ષણ,તાલીમ, આનંદ પ્રમોદ, સ્વાસ્થ્ય, સંસ્કાર વગેરે અનેકને આવરી લઈ, ઉચ્ચ કક્ષાએ સતત કાર્યશીલ રહી સૌ કોઈનું ભલું કરે છે. દાતાઓનો સહયોગ, કાર્યકરોનું ખંત અને વિચારશીલ ટ્રસ્ટી મહાશયોની મહેનત સતત કામે લાગી રહે છે તે બદલ સંસ્થાને અને તમને હાર્દિક અભિનંદન. દરેક શહેરમાં આવી એક બે સંસ્થા હોય તો સમાજ ઉત્કર્ષનું એક ભવ્યાતિભવ્ય કાર્ય થતું રહે અને દેશને સારા સંસ્કારી અને ઘડાયેલા નાગરિકો મળી રહે અને સમસ્ત દેશના વિકાસની આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પહેલને વેગવાન બનાવી શકાય. સંસ્થા CSR હેઠળ પણ પાકી પારદર્શિતા રાખી સરકારે આપેલી સુવિધાઓને સારો લાભ સમાજના નીચલા સ્તર સુધી પહોંચાડે છે તે પ્રશંસનીય છે. આયોજકોને વંદન.

**• શ્રી સુરેશભાઈ ભટ્ટ**

શિશુવિહાર સંસ્થામાં વર્ષ ૧૯૮૦થી અવિરત ચાલતી બુધસભા એ ગુજરાતની સાહિત્યની એક અભૂતપૂર્વ ઘટના ગણી શકાય. પૂજ્ય માનભાઈ અને પ્રા. તખ્તસિંહજીભાઈની દૂરદૃષ્ટિ અને તેની સંસ્કાર પ્રિયતા અહીં પ્રગટ થયેલી છે. કવિવર ટાગોરે કહ્યું છે કે સાહિત્ય જગતની મુક્ત સરિતા એટલે કાવ્ય. ૧૯૮૦થી કાર્યાન્વિત બુધસભાને એક નવી દિશા આપવાનો પ્રયાસ કરવો જરૂરી લાગે છે. જેમાં બુધસભા પૂરી થાય થાય પછી બીજે દિવસે બુધસભામાં પ્રસ્તુત થયેલા સર્વોતમ કાવ્યનું રસદર્શન અનુભવી કવિ વિવેચક કરવા સૂચન છે. ભાવનગરના અખબારમાં સાહિત્ય સંધ્યા નામનો એક વિભાગ દર શુક્રવારે રજૂ થાય તે જરૂરી છે. આ વિભાગને દર સપ્તાહે ફેસબુક ઉપર મૂકવામાં આવે અને તેનું નામ પણ સાહિત્ય સંધ્યા રાખવામાં આવે.

**• શ્રી કવિ મનોહરભાઈ ત્રિવેદી (રાજકોટ)**

બુધસભાનો ઉપક્રમ રસપ્રદ બને છે મકરંદભાઈની કાવ્ય રચનાઓનો આસ્વાદ બુધસભાનું સ્તર વ્યક્ત કરે છે. શુભેચ્છાઓ.

**• શ્રી રામકુભાઈ ખાચર (રાજકોટ)**

હું ઘરશાળા (વઢવાણ)નો ટ્રસ્ટી છું. મહાત્મા ગાંધીના વરદ હસ્તે સંસ્થાનું ખાત મુહૂર્ત થયું છે. અમને આ વિરાસત જાળવી રાખવાનું સૌભાગ્ય મળ્યું છે, પરંતુ શિશુવિહાર સામયિક જોતા કહીશ કે સંસ્થા સંચાલન એ કપરા ચઢાણનો માર્ગ છે. આપ સર્વને અભિનંદન.

**• ડૉ. ભરતભાઈ ત્રિવેદી**

શિશુવિહારનાં આંગણેથી વહેતી કલ્યાણ નદીને કાંઠે ક્યારેક ઊભા રહીને એની સુગંધ માણવાનું મને ખૂબ ગમે છે. તમારી પ્રવૃત્તિને માથે ચડાવું છું. હૃદયના અભિનંદન.

## નારીના જીવનમાં આનંદની રંગોળી પૂર્યાનો સંતોષ




ઈન્દિરા માનભાઈ ભટ્ટ. આ નામ ભાવનગર અને સૌરાષ્ટ્ર માટે સહેજે અજાણ્યું નથી. અનેકવિધ પ્રવૃત્તિથી ધમધમતી અને અવૈધિક તાલીમની વિશ્વવિદ્યાલય તરીકે જાણીતી શિશુવિહાર સંસ્થાનાં સ્થાપક માનભાઈ ભટ્ટના પુત્રી ઈન્દિરાબહેન પિતાના પગલે આજીવન માનવસેવા માટે ભેખ ધરીને કામ કરી રહ્યાં છે. ભગવાં વસ્ત્રો પહેરનારા ઈન્દિરાબહેન દિવ્યજીવન સંઘ સાથે સંકળાયેલા છે. શિશુવિહારની સ્થાપના થઈ ત્યારે ઈન્દિરાની વય માંડ એક વર્ષની. જો કે ઘરના વાતાવરણને કારણે બાળપણથી જ એમના જીવનમાં સેવાનાં

બીજ રોપાઈ ગયેલાં. છેલ્લાં ૬૦ વર્ષથી તેઓ સંસ્થાનાં સહમંત્રી તરીકે કાર્યરત છે. સેવા કરવાની એમની લગન એવી પ્રગાઢ રહી કે લગ્ન કરવાનો વિચાર પણ ન આવ્યો. જેનો કોઈ વસવસો કે અભાવ પણ એમના જીવનમાં ક્યારેય દેખાયો નથી.

સ્વાવલંબનના સંસ્કાર ઈન્દિરાબહેનને પિતા માનભાઈ પાસેથી મળ્યા તો ધર્મપ્રેમ અને કળાના ગુણ માતા હીરાબહેન પાસેથી વારસામાં મળ્યા. શિશુવિહારમાં યોજાતા કાર્યક્રમો સમયે ઈન્દાબહેન જાતે ટેબલ પર બટવા, પાકીટ, વૉટરબોટલ કવર, આસન વગેરે ગોઠવીને વેચાણ માટે ઊભાં રહે. કામમાં ચોક્સાઈ પણ ગજબની. બહેનોએ તૈયાર ચીજવસ્તુની ગુણવત્તા જાતે ચકાસે, બહેનોને વળતર સમયસર મળી જાય એની કાળજી પણ પૂરેપુરી લે. માતા હીરાબહેન ઘરની બહાર દરરોજ પાન, ફૂલની રંગોળી કરતાં આ પરંપરાને ઈન્દિરાબહેને પણ જાળવી છે. એમના ઘરની બહાર ફૂલ, પાન અને ચિરોળીની રંગોળી ૩૬૫ દિવસ જોવા મળે. એ પ્રિયદર્શિની કહે છે: ‘બીજા જીવનમાં આનંદની રંગોળી પૂરવાના પ્રયત્નથી મારા જીવનમાં આનંદની મહેક રહે છે. ઈન્દાબહેનની કળાના પ્રશંસકો માત્ર ભાવનગરમાં જ નહીં, સમગ્ર ગુજરાતમાં છે. એમના પાસેથી પ્રેરણા મેળવી અનેક ગૃહિણીઓ પોતાનાં આંગણાંમાં પ્રકારે ફૂલ, પાંદડાંની રંગોળી કરતા થયા છે.

પ્રિ-પીટીસી, બી.એડ. અને એમ.એડ.ની પદવી ધરાવતાં ઈન્દિરાબહેન ૧૯૬૨થી ૧૯૭૮ સુધી માધ્યમિક શાળાનાં આચાર્યા તરીકે સેવા આપી ૧૯૭૯માં સરકારે શાળા માટે સરકારી ગ્રાન્ટ અનિવાર્ય કરી ત્યારે એમણે આચાર્યપદેથી રાજીનામું આપી દીધું. માતબર વેતન હોવા છતાં પરંપરાગત શિક્ષણ છોડી ઈન્દિરાબહેને ભાવનગરના મજૂર વિસ્તારની બાળકો માટે બાલવાડીના પ્રયોગો શરૂ કરી સતત પાંચ વર્ષ સુધી એનું સંચાલન કર્યુ મજૂરોમાં સંસ્કાર સિંચનનું કામ કર્યુ. સ્કાઉટિંગ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં સર્વાંગી વિકાસ અને હસ્તકળા તાલીમ વર્ગો, સાતત્યપૂર્ણ રીતે યોજાતા રહ્યાં છે.

અચ્છા, પણ જરૂરતમંદ બહેનોને રોજગારી આપવાનું કામ કઈ રીતે સૂઝ્યું? ૮૫ વર્ષનાં ઈન્દિરાબહેન કહે છે: ‘વર્ષ ૨૦૦૯માં શહેરના એક દરજી પોતાની દુકાનમાં કપડાં સીવ્યા બાદ વધેલા કટકાનો કોથળો સંસ્થાને કામમાં આવશે એવું ધારીને અમને આપી ગયા. તે વખતે વિચાર આવ્યો કે આ રેશમી ટુકડા કોઈની રોજગારી માટે કેમ ઉપયોગમાં ન આવી શકે? મેં આ ટુકડા લીધા અને નાનાં-મોટાં સીવણકામ કરતી ગરીબ, શ્રમજીવી પરિવારની બહેનોને સંસ્થામાં બોલાવી એમને આમાંથી પાકીટ, બટવા,



પર્સ વગેરે તૈયાર કરવા જણાવ્યું. પરચૂરણ સીવણકામ કરતી આ બહેનો કાયમી કામ મળતું થશે એવી શ્રદ્ધા સાથે પૂરી નિષ્ઠાથી આ કામમાં લાગી.’ આ વાતની લોકોને ખબર પડતી ગઈ તેમ રેડીમેડ વસ્ત્રોનું કામ કરતા મોટા વેપારીઓ દ્વારા અમદાવાદ, મુંબઈથી પણ નાની-મોટી સાઈઝના આવા કટકા અને કાપડ આવવા લાગ્યા. જેમાંથી આસન, થેલા, વૉલપીસ, બેડશીટ બનવા લાગ્યાં છે. ૧૩ વર્ષ પહેલાં શરૂ થયેલો આ પ્રયોગ સફળ રહ્યો. આજે કાપડના ટુકડા દ્વારા ૩૦૦ જેટલી મહિલાને શ્રી ઈન્દાબહેન દ્વારા રોજગારી મળી રહી છે.

કોરોના સમયમાં હજારોની સંખ્યામાં માસ્ક બનાવી પડતર કિંમતે જરૂરિયાતમંદો સુધી પહોંચાડયા છે. આ બધું વેચવા માટે કોઈ દુકાન, શો-રૂમ કે માર્કેટિંગ ટીમ નથી. સંસ્થામાં મુલાકાતે આવતા લોકો એ જુએ અને ખરીદે. શહેર કે આસપાસ યોજાતા નાના-મોટા કાર્યક્રમમાં સામાન્ય પ્રચાર દ્વારા પણ વેચાણ થાય. છેલ્લાં ૧૩ વર્ષમાં આવી ચીજવસ્તુઓનું ચારેક લાખો રૂપિયાનું વેચાણ થયું છે.


ઈન્દિરાબહેન ઉમેરે છે, ‘આ કટકા અને કાપડ આખરે તો સંસ્થાને મળ્યાં હતાં. મફતમાં કેમ લઈ શકાય? એટલે આ ચીજવસ્તુનાં વેચાણમાંથી થયેલી આવકમાંથી બે લાખ રૂપિયા અમે સંસ્થાને આપ્યા અને બે લાખ રૂપિયા આ સીવણકામ કરતી બહેનોને રોજગારી સ્વરૂપે ચૂકવવામાં આવ્યા. મારા માટે તો કામનો નિજાનંદ જ સૌથી મોટી આવક છે’ આમ બોલતી વખતે ઈન્દિરાબહેનની આંખમાં વર્તાતો સંતોષ પ્રભાવિત કરી જાય છે. હા, આજના પ્રોફેશનલ માર્કેટિંગના સમયમાં આવી ચીજવસ્તુનું મામુલી પ્રચાર દ્વારા વેચાણ કરવું અઘરું પડે છે. એનો વસવસો એમના શબ્દોમાં ચોકકસ દેખાય છે. આ વેચાણની આવકનો એક રૂપિયો પણ પોતાના માટે નથી હોતો, મટીરિયલ અને અન્ય ખર્ચ બાદ કરતાં જે આવક થાય છે એ સીવણકામ કરનારી બહેનોને મળે છે.

આજ સુધીમાં ૩૦૦ જેટલી સ્ત્રીને નાની-મોટી રોજગારી આપવા સાથે દર વર્ષે ૨૫૦૦થી વધુ બાળકોને હસ્તકળાની તાલીમ આપનારાં ઈન્દિરાબહેન દિવ્ય જીવન સંઘ હૃષીકેશના પ્રમુખ, બ્રહ્મલીન સ્વામી ચિદાનંજીના હસ્તે સેવાપદક મેળવી ચૂક્યાં છે. આ ઉપરાંત ૨૦૦૮માં યંગ મેન્સ ગાંધિયન ઍસોસિએશન, ભાવનગર નાગરિક સમિતિ વગેરે સંસ્થાઓ દ્વારા સમ્માનિત થયાં છે, ઈન્દાબહેન તો કહે છે કે, સમ્માન કરે કે ન કરે, આપણે આપણાં કામ કર્યે જવાનાં. સંપર્ક: ૯૪૦૮૮૦૫૨૧૯

–જયેશ દવે

## શ્રદ્ધાંજલિ

### સ્વ. અશ્વિનભાઈ જોષી



ભાવનગરના જિલ્લા શિક્ષણાધિકારી તરીકે યુવક મહોત્સવ અને રાજ્ય સ્કાઉટ-ગાઈડ રેલીનાં આયોજન થકી ભાવનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વ્યાપક કરનાર શ્રી અશ્વિનભાઈ પી. જોષી હવે આપણાં વચ્ચે નથી. જિલ્લા સ્કાઉટ ગાઈડ સંઘનાં કમિશનર તેમજ શિશુવિહાર સંસ્થાની અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય સહયોગ આપનાર શ્રી અશ્વિનભાઈ જોષીના આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના.

### સ્વ. અનંતભાઈ વ્યાસ



ભાવનગરના વરિષ્ઠ પત્રકાર અને શિશુવિહાર સંસ્થા સંચાલિત નવજીવન બાળશાળાના ભાષા શિક્ષક શ્રી અનંતભાઈ વ્યાસના સ્વર્ગવાસથી પત્રકારત્વ જગતે એક નિષ્ઠાવાન, પ્રામાણિક અને વિવેકસભર વ્યકિત ગુમાવી છે. શિશુવિહાર પરિવારના આત્મજન તરીકે હંમેશા સ્નેહભાવ રાખનાર એક શિક્ષકની વિદાયથી સંસ્થા પરિવાર શોકની લાગણી અનુભવે છે અને સ્વર્ગસ્થ આત્માની ચિર શાંતિ માટે પ્રાર્થના કરે છે.



# વર્ષ ૨૦૨૩માં શિશુવિહાર સંસ્થાનાં ઉપક્રમે યોજાનાર ૨૪ નેત્રયજ્ઞ થકી ૪૮૦ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે નેત્રમણિ સુવિધા પહોંચાડનાર દાતાઓ પ્રત્યે સંસ્થા આભાર વ્યકત કરે છે

### શિશુવિહારનાં સંસ્થાનાં ઉપક્રમે વર્ષ ૨૦૨૩ યોજાનાર પ્રભુકૃપા નેત્રયજ્ઞની વિગત

| કેમ્પ ક્રમ | તારીખ માસ | કેમ્પ સ્થળ: ભાવનગર સૌજન્ય દાતાનું નામ |
|---|---|---|
| ૪૫૪ | ૨૭ જાન્યુઆરી | સ્વ.નાનાલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વનાણી |
| ૪૫૫ | ૨૭ જાન્યુઆરી | સ્વ.નાનાલાલની સ્મૃતિમાં<br>હ.શ્રી જયંતભાઈ વનાણી |
| ૪૫૬ | ૨૪ ફેબ્રુઆરી | સ્વ. હીરાલક્ષ્મી મહેતાની સ્મૃતિમાં<br>હ. શ્રી માલવિકાબહેન મહેતા<br>અમિતભાઈ ભટ્ટ |
| ૪૫૭ | ૨૪ ફેબ્રુઆરી | સ્વ.જુબેદાબહેન વલીની સ્મૃતિમાં<br>હ.શ્રી શબનમબહેન કે. કપાસી |
| ૪૫૮ | ૨૪ માર્ચ | શ્રી જયદેવભાઈ દીપકભાઈ ઉનડકટ |
| ૪૫૯ | ૨૪ માર્ચ | સ્વ.કુસુમબહેન પંડયાની સ્મૃતિમાં<br>હ.શ્રી વંદનાબહેન યશવંતભાઈ પંડયા |
| ૪૬૦ | ૨૮ એપ્રિલ | વડીલોની સ્મૃતિમાં<br>હ.શ્રી ભાવનાબેન જાગૃતભાઈ ભટ્ટ |
| ૪૬૧ | ૨૮ એપ્રિલ | સ્વ.ચંદ્રશંકરભાઈ મહેતાના સ્મરણાર્થે<br>હ. શ્રી માલવિકાબહેન મહેતા,<br>અમિતભાઈ ભટ્ટ |
| ૪૬૨ | ૨૬ મે | સ્વ.તારાબેન વડોદરીયાની સ્મૃતિમાં<br>હસ્તે સ્વ.ગુણવંતભાઈ વડોદરિયા |
| ૪૬૩ | ૨૬ મે | શ્રી હસમુખભાઈ દામોદરદાસ શાહ |
| ૪૬૪ | ૨૩ જૂન | શ્રી હિંમતલાલ ઠક્કર |
| ૪૬૫ | ૨૩ જૂન | શ્રી સુનિલભાઈ વડોદરિયા |

| કેમ્પ ક્રમ | તારીખ માસ | કેમ્પ સ્થળ: ભાવનગર સૌજન્ય દાતાનું નામ |
|---|---|---|
| ૪૬૬ | ૨૮ જુલાઈ | સ્વ. કનુભાઈ શાહની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી સુધાબહેન શાહ |
| ૪૬૭ | ૨૮ જુલાઈ | શ્રી પ્રજ્ઞેશભાઈ પંડયા<br>(શ્રી નંદલાલ મણિશંકર પંડયા) |
| ૪૬૮ | ૨૫ ઑગસ્ટ | સ્વ. સુરેશભાઈ બુચની સ્મૃતિમાં<br>હ. હર્ષિદાબહેન સુરેશભાઈ બુચ |
| ૪૬૯ | ૨૫ ઑગસ્ટ | શ્રી રાજેશભાઈ ભટ્ટ પરિવાર |
| ૪૭૦ | ૨૨ સપ્ટેમ્બર | સુભાગી ચેરીટેબલ ટ્રસ્ટ<br>હસ્તે:સુનિલભાઈ જે પારેખ |
| ૪૭૧ | ૨૨ સપ્ટેમ્બર | સ્વ.સવિતાબહેન જીતેન્દ્રરાય મહેતા<br>હસ્તે શ્રી શૈલેષભાઈ મહેતા |
| ૪૭૨ | ૨૭ ઑકટોબર | શ્રી જીતેન્દ્રાય ઈશ્વરલાલ મહેતા<br>હસ્તે શ્રી શૈલેષભાઈ મહેતા |
| ૪૭૩ | ૨૭ ઑકટોબર | શ્રીમતી જશકોરબહેન ન્યાલચંદભાઈ વકીલ<br>હ.સ્વ. નિર્મળભાઈ વકીલ,<br>શ્રી ભરતભાઈ વકીલ |
| ૪૭૪ | ૨૪ નવેમ્બર | સ્વ. માતુશ્રી ભાગીરથીબહેની સ્મૃતિમાં<br>હ. ડૉ. કે. એમ. આચાર્ય |
| ૪૭૫ | ૨૪ નવેમ્બર | સ્વ. કાંતિલાલ હરગોવિંદદાસ ગોસળિયા<br>હસ્તે શ્રી જ્યોતિબહેન હર્ષદરાય મહેતા |
| ૪૭૬ | ૨૨ ડિસેમ્બર | હ. શ્રી સુનિલભાઈ વડોદરિયા<br>શ્રી અશ્વિનભાઈ ભટ્ટ |
| ૪૭૭ | ૨૨ ડિસેમ્બર | સ્વ.ગીતાબહેન અને સ્વ.હરિક્રિષ્ના ભટ્ટ<br>હ. શ્રી ઉર્મિલાબહેન અશ્વિનભાઈ ભટ્ટ |



# શિશુવિહાર પ્રકાશિત પ્રાપ્ય પુસ્તકોનું સુચિપત્ર

| પુસ્તક | ₹ કિંમત |
|---|---|
| ૧. તંદુરસ્તી તમારા હાથમાં (ગુજરાતી-હિન્દી) | ૧૫=૦૦ |
| ૨. બાલમંદિરમાં ગવાતાં ૧૦૧ ગીતો | ૧૫=૦૦ |
| ૩. પુરૂષાર્થ પાઠાવલી | ૧૦=૦૦ |
| ૪. મા તે મા | ૧૦=૦૦ |
| ૫. સીવણ સમજૂતી | ૪=૦૦ |
| ૬. વસિયતનામાની અગત્યતા | ૧૫=૦૦ |
| ૭. વીજળી અને વપરાશ | ૧૦=૦૦ |
| ૮. પુત્રીજન્મ શુભેચ્છ કાર્ડ | ૫=૦૦ |
| ૯. ડાયાબિટીસ - મધુપ્રમેહ | ૧૫=૦૦ |
| ૧૦.ચાલો ગાઈએ | ૧૫=૦૦ |
| ૧૧.શિશુવિહારના વડલાની વાતો | ૧૫=૦૦ |
| ૧૨.હાથે લ હૈયે મીણ | ૫૦=૦૦ |
| ૧૩.બાલ આરાધના સુખ એટલે દિલોજાન દોસ્ત | ૧૨=૦૦ |
| ૧૪.શિક્ષણ પરિસ્થિતિ અને ઉપચાર | ૨૦=૦૦ |
| ૧૫.વ્યવહારૂ સુચન (૯૯ સુચન) | ૧૦=૦૦ |
| ૧૬.અવૈધિક શિક્ષણની મહાશાળા | ૧૦=૦૦ |
| ૧૭.સાઈકલ સંભાળ | ૧૦=૦૦ |
| ૧૮.ડિઝાસ્ટર મેનેજમેન્ટ | ૨૫=૦૦ |
| ૧૯.શતાબ્દી પુસ્તિકાનો સેટ(૧૦ બુક) | ૨૦=૦૦ |
| ૨૦.સૌના ભાઈ માનભાઈ | ૫૦=૦૦ |
| ૨૧.ડિપ્રેશનને જાણો | ૧૫=૦૦ |
| ૨૨.બાલ આરોગ્ય સુત્રો | ૨=૦૦ |
| ૨૩.શિશુવિહાર સંકલ્પ યાત્રા | ૨૫=૦૦ |
| ૨૪.માનવજીવન અને પ્રાકૃતિક સારવાર તથા માટીનાં ઉપચારો | ૧૦=૦૦ |
| ૨૫.લક્ષ્મણ જેવો ભાઈ | ૧૫=૦૦ |
| ૨૬. આયુર્વેદનું અધ્યાત્મ | ૧૫=૦૦ |
| ૨૭.બાબુનું બાળપણ | ૨૫=૦૦ |
| ૨૮.અધિકૃત ભાવોદ્‌ગાર | ૨૫=૦૦ |
| ૨૯.ગુજરાતમાં બુનિયાદી શિક્ષણની સદી સંદર્ભ બદલાવ, દશા અને દિશા | ૨૦=૦૦ |
| ૩૦.જાહ્નવી | ૩૫=૦૦ |
| ૩૧.નિરક્ષીર | ૫૦=૦૦ |
| ૩૨.આંખની સંભાળ | ૧૦=૦૦ |
| ૩૩.પ્રવૃત્તિ શિક્ષણ | ૩૦=૦૦ |
| ૩૪.અધ્યાત્મ અને વૃદ્ધાવસ્થા | ૪૦=૦૦ |
| ૩૫.શુભેચ્છકો લખે છે | ૨૫=૦૦ |
| ૩૬.ચિદાનંદ | ૧૫=૦૦ |
| ૩૭.સૌની સેવામાં માનભાઈ | ૧૦૦=૦૦ |
| ૩૮.વૃક્ષનાં પાનાની રંગોળીનું કેલેન્ડર | ૧૦૦=૦૦ |
| ૩૯.આકાશદર્શન | ૨૦=૦૦ |
| ૪૦. મજદૂર સે મહાજન (હિન્દી) | ૩૦=૦૦ |
| ૪૧. શિશુવિહાર નવચેતન | ૧૦૦.૦૦ |

## ૪૨-અમૃત મહોત્સવ વિચારયાત્રા પુસ્તક સંપુટ : ૭

કિંમત રૂા. ૫૦૦/-

૧. શબ્દામૃત
૨. બાલોપનિષદ
૩. શિક્ષણ-દિશા અને દિશા
૪. માણસાઈની પગદંડી
૫. રાષ્ટ્રવિકાસની દીવાદાંડી
૬. બાલ-ગીતા ભાગ-૧/૨

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

પરામર્શ સમિતિ
સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY SHRI INDABEN M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN:364001. (GUJARAT) INDIA